# 14. પરિવહન, સંદેશાવ્યવહાર અને વ્યાપાર

## સ્વાધ્યાય

### પ્રશ્ન 1: નીચેના પ્રશ્નોના ઉત્તર સવિસ્તર લખો:

#### (1) રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ટૂંકનોંધ લખો.

- રાષ્ટ્રીય ધોરી માર્ગો આર્થિક દૃષ્ટિએ જ નહિ; પરંતુ સુરક્ષાની દૃષ્ટિએ પણ અતિ મહત્ત્વના છે.
- આ માર્ગોના નિર્માણ અને જાળવણીની જવાબદારી કેન્દ્ર સરકારની છે.
- આ માર્ગોના દ્વારા રાજ્યની રાજધાનીઓને મોટા ઔદ્યોગિક અને વ્યાપારિક શહેરોને તથા મુખ્ય બંદરોને એકબીજા સાથે જોડવામાં આવ્યા છે.
- તે ભારતને મ્યાનમાર, પાકિસ્તાન, નેપાળ, ભૂતાન, ચીન જેવા પાડોશી દેશોને સાથે પણ જોડે છે.
- રાષ્ટ્રીય ધોરી માર્ગોને ક્રમાંક આપવામાં આવ્યા છે.
- વર્ષ 2011માં રાષ્ટ્રીય ધોરી માર્ગોના ક્રમાંકમાં પરિવર્તન કરવામાં આવેલ છે.
- રાષ્ટ્રીય ધોરી માર્ગ નંબર 44 દેશમાં સૌથી લાંબો છે, જે શ્રીનગરથી કન્યાકુમારી સુધી જાય છે.
- સ્વર્ણિમ ચતુર્ભુજ યોજના એ દિલ્લી, મુંબઈ, ચેન્નઈ અને કોલકાતા એ ચાર મહાનગરોને જોડતી યોજના છે.
- ગુજરાતમાંથી 27, 41, 47, 48, 141, 147 વગેરે નંબરના રાષ્ટ્રીય ધોરી માર્ગો પસાર થાય છે.
- જનસંખ્યાની દૃષ્ટિએ દેશમાં ચંડીગઢ, પુડુચેરી, દિલ્લી, ગોવા વગેરે પ્રદેશોમાં આ માર્ગોની લંબાઈ વધુ છે.
- મિઝોરમ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય, મણિપુર જેવાં રાજ્યોનો ત્યાર પછી ક્રમ આવે છે.
- વધારે વસ્તી ધરાવતા ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત વગેરે રાજ્યોમાં રાષ્ટ્રીય ધોરી માર્ગોની લંબાઈ પ્રમાણમાં ઓછી છે.

#### (2) ટ્રાફિક સમસ્યા દૂર કરવાના ઉપાયો જણાવો.

- ટ્રાફિક સમસ્યા દૂર કરવાના ઉપાયો નીચે મુજબ છે:
- વિદ્યાર્થીઓ જો વાહન ચલાવવા માટેનું લાઈસન્સ ધરાવતા ન હોય, તો તેમણે વાહન ચલાવવું ન જોઈએ.
- અનિવાર્ય સંજોગો ન હોય તો બિનજરૂરી ઓવરટેક ન કરવું.
- સાઇકલ, સ્કૂટર વગેરે દ્વિચક્રીય વાહનો રસ્તાની ડાબી બાજુએ જ ચલાવવાં જોઈએ.
- વાહનચાલકે ચાલુ વાહનને મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવો જોઈએ. અનિવાર્ય હોય તો સાઇડ બતાવી વાહનને રસ્તાની ડાબી બાજુએ ઊભું રાખીને પછી જ મોબાઈલ ફોન પર વાત કરવી.
- 108 તથા ઍમ્બ્યુલન્સ અને ફાયરબ્રિગેડનાં વાહનોને પહેલાં પસાર થવા દેવાં જોઈએ.
- બિનજરૂરી હૉર્ન વગાડી ઘોંઘાટ ન કરવો જોઈએ.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ટ્રાફિક સિગ્નલના નિયમોનું પાલન કરવું.
- નજીકનાં સ્થળોએ ચાલીને જવું અથવા સાઇકલનો ઉપયોગ કરી શકાય.

### (3) ભારતના રાષ્ટ્રીય જળમાર્ગો કયા કયા છે?

- ભારતના રાષ્ટ્રીય જળમાર્ગોની પરિવહન સેવા ઉત્તર-પૂર્વ ભારતનાં અસમ, પશ્ચિમ બંગાળ અને બિહાર જેવાં રાજ્યોમાં વધારે છે. દક્ષિણ ભારતમાં પણ રાષ્ટ્રીય જળમાર્ગનો વિકાસ થયો છે.
- જળમાર્ગ તરીકે ગંગા અને બ્રહ્મપુત્ર નદીઓ સૌથી વધુ ઉપયોગી છે.
- ભારતમાં સૌથી વધુ વહાણવટું ગંગાનદીની શાખા હુગલીમાં થાય છે.
- તેમાં સ્ટીમર અને મોટાં-મોટાં વહાણો દ્વારા પરિવહન થાય છે.
- ભારતના 5 રાષ્ટ્રીય જળમાર્ગો નીચે મુજબ છે:

| ક્રમ | રાષ્ટ્રીય જળમાર્ગનું નામ | કઈ નદી / નહેર પર? | કયા સ્થળોને જોડે છે? | લંબાઈ (કિમી) |
|---|---|---|---|---|
| 1 | રાષ્ટ્રીય જળમાર્ગ 1 | ગંગા નદી | હલ્દિયા – અલાહાબાદ | 1620 |
| 2 | રાષ્ટ્રીય જળમાર્ગ 2 | બ્રહ્મપુત્ર નદી | ધુબરી – સાદીયા | 891 |
| 3 | રાષ્ટ્રીય જળમાર્ગ 3 | પશ્ચિમ કિનારાની નહેર | કોલ્લમ – કટ્ટાપુરમ | 250 |
| 4 | રાષ્ટ્રીય જળમાર્ગ 4 | ગોદારી-કૃષ્ણા નદી | કાકિનાડા – પુડુચેરી | 1078 |
| 5 | રાષ્ટ્રીય જળમાર્ગ 5 | બ્રહ્માણી નદી | ગોએનખલી – તાલ્ચેર | 588 |

## પ્રશ્ન 2: નીચેના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો:

### (1) સમૂહસંચારમાં શાનો સમાવેશ થાય છે?

- સમૂહસંચારમાં બે માધ્યમોનો સમાવેશ થાય છે:
- (1) મુદ્રિત માધ્યમ: તેમાં અખબાર, પત્રિકાઓ અને ટપાલનો સમાવેશ થાય છે.
- (2) ઇલેક્ટ્રોનિક માધ્યમ: તેમાં આકાશવાણી અને દૂરદર્શનનો સમાવેશ થાય છે.

### (2) ભારતમાંથી નિકાસ થતી મુખ્ય ચીજવસ્તુઓ કઈ કઈ છે?

- ભારતમાંથી મુખ્ય નિકાસમાં કાચું લોખંડ અને ખનીજ, ઇજનેરી સમાન જેવો કે સાઈકલ, પંખા, સિલાઇ મશીન, મોટરો, રેલવેના ડબ્બા તથા કમ્પ્યૂટર સોફ્ટવેર વગેરનો સમાવેશ થાય છે.
- રસાયણો, રત્ન-આભૂષણો, ચામડું અને ચામડાનો સમાન, સુતરાઉ કાપડ અને સીવેલાં તૈયાર કપડાં, માછલાં અને તેની પેદાશો, હસ્તકલાની વસ્તુઓ, ચા, કૉફી, શણની ચીજવસ્તુઓની પણ નિકાસ થાય છે.

## પ્રશ્ન 3: નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો:

### (1) ગુજરાતમાં રજ્જુમાર્ગ કયાં સ્થળોએ આવેલા છે ?

- ગુજરાતમાં પાવાગઢ, સાપુતારા અને અંબાજી ખાતે રજ્જુમાર્ગ આવેલા છે.
- જૂનાગઢમાં ગિરનારમાં પણ ખાતે રજ્જુમાર્ગની કામગીરી ચાલુ થઈ છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**(2) વ્યક્તિગત સંચારતંત્રમાં અસરકારક સાધનો કયાં છે ?**

- ઇન્ટરનેટ અને સ્માર્ટફોન વ્યક્તિગત સંચારતંત્રનાં અસરકારક સાધનો છે.

**(3) આંતરિક વ્યાપાર કોને કહેવાય છે?**

- એક રાજ્યમાં વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ સ્તુઓ બીજા રાજ્યમાં નિકાસ કરવામાં આવે અને બીજા રાજ્યમાં ઉત્પન્ન થતી વતુઓ પોતાના રાજ્યમાં આયાત કરવામાં આવે તેને આંતરિક વ્યાપાર કહે છે.

**(4) પહેલાના જમાનામાં સંદેશાવ્યવહાર કેવી રીતે થતો?**

- પહેલાંના જમાનામાં ઢોલ વગાડીને, ધુમાડો પેદા કરીને, કબૂતરો અને અન્ય પશુઓ દ્વારા સંદેશા વ્યવહાર થતો.

**પ્રશ્ન 4: નીચેના દરેક પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો:**

**(1) એવરેસ્ટ આરોહણ સમયે સમાન ઊંચકવાનું કમ કોણ કરે છે?**

(A) નેપાળી
(B) ભોટિયા
(C) ભૈયાજી
(D) એક પણ નહિ

**(2) ભારતમાં સૌથી લાંબો રાષ્ટ્રીય ધોરી માર્ગ કયો છે?**

(A) 3 નંબર
(B) 8 નંબર
(C) 44 નંબર
(D) 15 નંબર

**(3) રાષ્ટ્રીય ધોરી માર્ગ નિર્માણની જવાબદારી કોની છે?**

(A) રાજ્ય સરકાર
(B) કેન્દ્ર સરકાર
(C) જિલ્લા પંચાયત
(D) એક પણ નહિ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in